# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


રેફ નં. તાઃ ૨૯/૪/૨૦૨૦

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ખાતાકીય વડા)

---

# ‘કેટરીંગ – મંડપ – ડેકોરેશન બિઝનેસ’ વિશે વેબીનાર યોજાયો

**સુરત.** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા ગઇકાલે સાંજે ૫:૦૦ કલાકે ‘કેટરીંગ – મંડપ – ડેકોરેશન બિઝનેસ’ વિશે વિડિયો કોન્ફરન્સ (વેબીનાર)નું આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમાં નિષ્ણાંત વકતા તરીકે ફેડરેશન ઓફ ઓલ ઇન્ડિયા કેટરર્સના પ્રેસિડેન્ટ શ્રી નરેન્દ્ર સોમાની તથા ઓલ ઇન્ડિયા ટેન્ટ ડેકોરેટર્સ વેલફેર એસોસિએશનના જનરલ સેક્રેટરી તેમજ હરીયાણા ટેન્ટ ડિલર્સ વેલફેર એસોસિએશનના પ્રેસિડેન્ટ અને ઇન્ડિયન કોન્ફરન્સ એન્ડ ઇવેન્ટ સર્વિસિસ એસોસિએશનના સભ્ય શ્રી અનિલ રાવ દ્વારા કેટરીંગ અને મંડપ ડેકોરેટર્સ ઇન્ડસ્ટ્રીના લોકોને લોકડાઉન દરમિયાન પોઝીટીવ એપ્રોચ સાથે સ્ટાફની સંભાળ રાખીને બિઝનેસ માટે ધીરજ રાખવાની તેમજ ઇન્ડસ્ટ્રીના સારા ભવિષ્ય માટે ઓર્ગેનાઇઝ્ડ થવાની દિશામાં અગત્યનું માર્ગદર્શન આપવામાં આવ્યુ હતુ.

ચેમ્બરના પ્રમુખ શ્રી કેતન દેસાઇએ જણાવ્યુ હતુ કે, ટ્રેડ એન્ડ ઇન્ડસ્ટ્રીના ભવિષ્ય માટે અમે ચિંતિત છીએ અને ભવિષ્યમાં ઇન્ડસ્ટ્રી માટે ઉભી થનારી મુશ્કેલીના નિવારણ માટે એકશન પ્લાન બનાવવામાં આવી રહયો છે. સાથે જ વિવિધ ઇન્ડસ્ટ્રીના નિષ્ણાંતો સાથે મળીને વેબીનાર થકી ઉદ્યોગકારો અને વેપારીઓને માર્ગદર્શન આપવા પ્રયાસ કરવામાં આવી રહયો છે. ચેમ્બર દ્વારા બધા ઇન્ડસ્ટ્રીનો રિપોર્ટ તૈયાર કરવામાં આવી રહયો છે ત્યારે કેટરીંગ ઇન્ડસ્ટ્રી અને મંડપ ડેકોરેટર્સ ઇન્ડસ્ટ્રીને પણ સૂચનો આપવા માટે તેમણે અનુરોધ કર્યો હતો.

શ્રી નરેન્દ્ર સોમાનીએ જણાવ્યુ હતુ કે, લોકડાઉનની જાહેરાત બાદ દેશભરના કેટરર્સ ફૂડપેકેટ્સ બનાવવા માટે સૌથી પહેલા લોકોની મદદ માટે આગળ આવ્યા હતા. કેટરીંગ ઇન્ડસ્ટ્રીને હજી છથી આઠ મહિના સર્વાઇવલ માટે લાગશે. દેશભરમાં એક લાખ કેટરર્સ છે અને પચાસ લાખ લોકોને રોજગારી મળે છે. આ ઇન્ડસ્ટ્રી સાથે

ગ્રોસરી, કટલરી, ડેરી, સાઉન્ડ અને લાઇટ વિગેરે અન્ય બે લાખ લોકો જોડાયેલા છે. ભારતની જનસંખ્યામાં આઠથી દસ ટકા લોકો અસરગ્રસ્ત થઇ ગયા છે. આ ઇન્ડસ્ટ્રી થકી દસ હજાર કરોડની સરકારને ટેક્ષ રેવન્યુ થાય છે.

તેમણે વધુમાં જણાવ્યુ હતુ કે, જુદા–જુદા રાજયમાં તહેવાર મુજબ કેટરીંગ ઇન્ડસ્ટ્રીને જુદી–જુદી અસર જોવા મળે છે. અત્યારે કોઇપણ પ્રકારની આશા ઇન્ડસ્ટ્રી માટે દેખાતી નથી પરંતુ ઇન્ડસ્ટ્રીના લોકોને નેગેટીવ થવાની જરૂર નથી. આ ટેમ્પરરી અસર ઇન્ડસ્ટ્રી પર આજે જોવા મળી રહી છે ત્યારે નવેમ્બર અને ડિસેમ્બર મહિના સુધીમાં પરિસ્થિતિ સારી થઇ જશે. લોકડાઉન બાદ દરરોજ 'શુભદિન' માટે કેમ્પેન ચલાવીશું અને લોકોને હાઇજીન માટે વિશ્વાસ આપવો પડશે. હાઇજીનીંગ સિસ્ટમને અપનાવવી પડશે અને સ્ટાફને સ્વચ્છતા માટે આગ્રહ રાખવો પડશે.

તેમણે વધુમાં કહયુ કે, હાઇડીંગ કોસ્ટ વિશે તપાસીને કોસ્ટ કટીંગ ઉપર ઘ્યાન આપવુ પડશે. કેટરર્સને હવે સર્વાઇવલ માટે અલ્ટરનેટ વિચારવુ પડશે. કલાઉડ કિચનનો કોન્સેપ્ટ વિચારી રાખવો પડશે. શ્રાવણ અને પર્યુષણમાં ગ્રાહકોને આપણે તેમના ઘરો સુધી ફૂડ પહોંચાડવા માટે પ્રયાસ કરી શકાય છે. ઇન્ડસ્ટ્રી કેટરીંગ વિશે પણ વિચારી શકાય છે અને પોતપોતાના સ્ટાફને સંભાળીને રાખવા ઉપર પણ ઘ્યાન આપવાનું રહેશે. સિઝન પૂર્ણ થયા બાદ કોવિડની સ્થિતિ ઉદ્દભવી છે. એટલે આ રીતે પોઝીટીવલી વિચારીને આગળ વધવુ પડશે.

અત્યારે જે લગ્ન રદ થઇ રહયાં છે તે નવેમ્બર અને ડિસેમ્બરમાં યોજાશે એટલે કે વર્ષ ૨૦૨૧માં કેટરીંગ ઇન્ડસ્ટ્રી માટે જબરજસ્ત બિઝનેસ થશે એવો મને વિશ્વાસ છે. ગ્રાહકોને આકર્ષક ડિસ્કાઉન્ટ આપીને ડિજીટલ માર્કેટીંગ કરીને ઘરો સુધી ફૂડ પહોંચાડી શકાય છે. કેટરીંગ ઇન્ડસ્ટ્રીના સારા ભવિષ્ય માટે ઓર્ગેનાઇઝ્ડ થવુ પડશે. રેવન્યુ શેરીંગ ઉપર જ બિઝનેસ કરવામાં આવે તેમજ કવોલિટી લાવવા, હાઇજીનીંગ અપનાવવા અને હેલ્ધી કોમ્પીટીશન કરવાની તેમણે સલાહ આપી હતી.

શ્રી અનિલ રાવે જણાવ્યુ હતુ કે, કોરોના અને લોકડાઉનને કારણે કેટરીંગ અને ઇવેન્ટ ઇન્ડસ્ટ્રી સૌથી વધુ અસરગ્રસ્ત થઇ છે. દેશમાં ૬ લાખ ૪૫ હજારથી વધુ ગામડાઓ છે અને દરેક ગામડામાં ત્રણ જેટલા મંડપ ડેકોરેટર્સ છે. ૨૫ લાખ મંડપ સર્વિસવાળા છે અને તેની સાથે ડીજે, ફલાવર, કેટરીંગવાળા જોડાયેલા છે. સૌથી વધારે શ્રમિકો મંડપ સર્વિસમાં જોડાયેલા છે. મને નથી લાગતુ કે અગ્યાર મહિના સુધી આ ઇન્ડસ્ટ્રી ફરીથી બેઠી થઇ શકશે.

તેમણે વધુમાં જણાવ્યુ હતુ કે, અત્યારના સમયને પસાર કરવા માટે ગોડાઉનમાં જૂના સામાનની કાઉન્ટીંગ કરીએ અને મેઇન્ટેનીંગ કરીએ. સાથે જ આપણે પોતાના સ્ટાફ તરફ ઘ્યાન આપવાનું છે. મંડપવાળા અને કેટરીંગવાળા નવો સામાન લેવાને બદલે એકબીજા વચ્ચેનો જૂના સામાનની ખરીદી કરે, જેથી કરીને એકબીજાની આર્થિક મદદ કરી શકાય છે. અત્યારે સરકારે માત્ર વિનંતી જ કરી છે પણ માલિક દ્વારા ભાડૂઆત પાસેથી ભાડુ વસૂલવામાં નહીં આવે તેવો લેખિતમાં આદેશ આપવો જોઇએ. અત્યારે મોટા પ્રોજેકટો રોકી દો અને લોકોને બચાવવાનો પ્રયાસ કરવો જોઇએ.

તેમણે વધુમાં કહયુ કે, ખેડૂતોની જેમ મંડપ સર્વિસવાળાઓને પણ વગર વ્યાજે લોન આપવામાં આવે. મંડપ સર્વિસવાળાઓ માટે વર્ષ ૨૦૨૦–૨૧નો ઇન્કમ ટેક્ષ માફ કરવામાં આવે. વીજળીનો વપરાશ પુરતુ જ

વીજબીલ લેવામાં આવે તેમજ હીડીંગ ચાર્જ વસૂલવામાં ન આવે. સુરત મહાનગરપાલિકા દ્વારા પણ અત્યારે પ્રોપર્ટી ટેક્ષ વિગેરે ટેક્ષ વસૂલવામાં ન આવે. સરકારે મંડપ સર્વિસવાળાઓને હેંગર જેવી લાઇફલાઇન આપવામાં આવી હતી. જેને કારણે તેઓનો બિઝનેસ સારી રીતે ડેવલપ થઇ શકયો હતો. અત્યારે ધીરજ રાખવાની જરૂર છે.

ચેમ્બરની ઇવેન્ટ્સ મેનેજમેન્ટ કમિટીના ચેરમેન શ્રી ચિરાગ શાહે વેબીનારનું સંચાલન કર્યુ હતુ. ચેમ્બરના ઇવેન્ટ્સ એન્ડ પ્રોગ્રામ્સ સેલના હેડ શ્રી મૃણાલ શુકલએ પ્રાસંગિક વિધી કરી હતી. અંતે ચેમ્બરના માનદ્ મંત્રી શ્રી ધીરેન થરનારીએ સર્વેનો આભાર માની વેબીનારનું સમાપન કર્યુ હતુ.